નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગરની કચેરીમાં આઇ. ટી. સેલ માટે આઇ. ટી. કન્સલ્ટન્ટની – ૦૧(એક) જગ્યા અને ડેટા એન્ટ્રી ઓપરેટરની ૦૧ જગ્યા મળી કુલ-૦૨ નવી જગ્યા આઉટસોર્સથી ભરવા માટે રૂ.૨.૪૦ લાખનો ખર્ચ કરવાની વહિવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૯/૨૩૬૯૧૭/નબા/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :-૧૩/૦૯/૨૦૧૯

## વંચાણે લીધા :-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૩૦/૦૪/૨૦૧૯ના પત્ર ક્રમાંક:- યજન/૪૫/નવી-બાબત-૧૯-૨૦/૨૦૧૯/૭૪

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૨૯/૦૭/૨૦૧૯ના પત્ર ક્રમાંક:- સસુખા/યજન/નવી-બાબત/૨૦૧૯-૨૦/૩૦૫

## પ્રસ્તાવના :-

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા.૩૦/૦૪/૨૦૧૯ના પત્રથી આઇ.ટી.સેલ માટે જરૂરી ટેકનિકલ મહેકમ મંજુર કરવા રૂ.૯.૦૦ લાખની નવી બાબત ૨૦૧૯-૨૦ રજુ કરવામાં આવેલ હતી.

સદરહુ નવી બાબત ૨૦૧૯-૨૦માં રજુ કરેલ રૂ.૯.૦૦ લાખના ખર્ચ પૈકી રૂ.૨.૪૦ લાખ મંજુર થતાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની બજેટ બુક નં.૨૪-૧, પાના નં. SJ&ED-૧-૧૦૧ ઉપર રૂ.૨.૪૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

સદરહુ મંજુર થયેલ નવી બાબત ૨૦૧૯-૨૦ અન્વયે થયેલ બજેટ જોગવાઇ ધ્યાને લઇ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરના તા.૨૯/૦૭/૨૦૧૯ના પત્રથી રૂ.૨.૪૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

મુખ્ય નિયામકશ્રી અને નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો વંચાણે લીધેલા ક્રમાંક (૨):- પરની તા.૨૯/૦૭/૨૦૧૯ની આઇ. ટી. સેલ માટે ૦૨(બે) જગ્યાઓના મહેકમ અંગેની રૂ.૨.૪૦ લાખની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબતની વહીવટી મંજુરીની દરખાસ્ત અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની બજેટ બુકના પાના નં. ૧૦૧, અનુક્રમ નં. ૩ ઉપર થયેલ બજેટ જોગવાઇ ધ્યાને લઇ આઇ. ટી. સેલ માટે આઉટસોર્સથી આઇ. ટી. કન્સલ્ટન્ટની – ૦૧(એક) નવી જગ્યા ભરવા અને ડેટા એન્ટ્રી ઓપરેટરની ૦૧ જગ્યા મળી કુલ-૦૨ જગ્યા આઉટસોર્સથી ભરવા રૂ.૨.૪૦ લાખનો ખર્ચ કરવાની નીચેની શરતોને અધિન આથી મંજુરી આપવામાં આવે છે.

## શરતો :-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનુ રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૭) રાજય સરકાર દ્વારા વખતો-વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૮) નવી મંજુર કરેલ જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફતે ૧૧ માસ માટે આઉટસોર્સથી લેવાની હોઇ, સામાન્ય વહીવટ વિભાગનાતા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઇઓ ધ્યાને લેવાની રહેશે તથા જગ્યાઓ ભરવા ઉકત ઠરાવની જોગવાઇઓ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૯) ૧૧ માસ પછી આ જગ્યાઓની સેવાઓની જરૂર જણાયે પુન: મંજુરી મેળવી લેવાની રહેશે.

આ અંગે થનાર ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

માંગણી નં. ૯૨

૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨- સમાજ કલ્યાણ

૦૦૧- નિર્દેશ અને વહિવટ

૦૧- એસ.એસ.ડબલ્યુ.- ૦૧ સમાજ સુરક્ષાનિયામકની કચેરી

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૫/૦૯/૨૦૧૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. બી. વણઝારા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સેક્શન અધિકારીશ્રી છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ